# અમદાવાદ 45 ડિગ્રી તાપમાનમાં શેકાયું

**પાટણ,** રાજકોટ, સુરેન્દ્રનગર અને મોરબીમાં યલો એલર્ટ સાથે લૂ ફુંકાશે

**દરિયા કાંઠાના** વિસ્તારોમાં બફારાની સ્થિતિ જોવા મળશે

### આગામી દિવસોમાં રાહત ક્યારે?

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી 3 દિવસ સુધી મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. રાજ્યના અંતરિયાળ વિસ્તારોમાં તાપમાન 41 થી 45 ડિગ્રી વચ્ચે રહેશે. જોકે, ત્યારબાદના 4 દિવસો દરમિયાન તાપમાનમાં 2 થી 3 ડિગ્રીનો ઘટાડો થવાની સંભાવના છે, જે પ્રજાજનોને ગરમીથી થોડી રાહત અપાવી શકે છે.છેલ્લા 24 કલાક દરમિયાન રાજ્યમાં હવામાન સૂકું રહ્યું હતું. દક્ષિણ ગુજરાતના સુરત જિલ્લામાં તેમજ સૌરાષ્ટ્ર-કચ્છના પોરબંદર, જુનાગઢ (કેશોદ) અને કંડલા એરપોર્ટ વિસ્તારમાં હીટવેવ જેવી પરિસ્થિતિઓ જોવા મળી હતી. દરિયાકાંઠાના સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક વિસ્તારોમાં તાપમાનમાં નોંધપાત્ર વધારો નોંધાયો હતો, જ્યારે બાકીના વિસ્તારોમાં ખાસ ફેરફાર જોવા મળ્યો નહોતો. અમદાવાદ અને આસપાસના વિસ્તારો માટે આગાહી મુજબ આકાશ મુખ્યત્વે સ્વચ્છ રહેશે અને મહત્તમ તાપમાન આશરે 44 ડિ.સે. રહેવાની શક્યતા છે.ગરમીના વધતા પ્રકોપને ધ્યાનમાં રાખીને સ્થાનિક લોકોને બપોરના સમયે બહાર જવાનું ટાળવા, પૂરતું પાણી પીવાનું અને આરોગ્યની ખાસ કાળજી રાખવાની સલાહ આપવામાં આવી છે.

### આજે કચ્છમાં ઓરેન્જ એલર્ટ

હવામાન વિભાગે આગામી દિવસો માટે ગંભીર ચેતવણી જાહેર કરી છે. 28 એપ્રિલે કચ્છ જિલ્લા માટે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, જ્યાં હીટવેવની તીવ્ર સ્થિતિ રહેવાની શક્યતા છે. આ ઉપરાંત, પાટણ, રાજકોટ, સુરેન્દ્રનગર અને મોરબીમાં યલો એલર્ટ સાથે લૂ (Heat wave) ફૂંકાવાની આગાહી છે. જ્યારે 29 એપ્રિલે પાટણ, રાજકોટ, સુરેન્દ્રનગર, મોરબી અને કચ્છમાં હીટવેવની સ્થિતિ યથાવત રહેશે, જેના માટે યલો એલર્ટ જાહેર કરાયું છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળું વાતાવરણ (Hot & Humid) રહેવાના કારણે બફારો વધશે.



અમદાવાદ : રાજ્યમાં ઉનાળો હવે તેના આકરા મિજાજ પર છે. છેલ્લા 24 કલાકમાં ગુજરાતના અનેક શહેરોમાં તાપમાનનો પારો 44 ડિગ્રીને પાર કરી ગયો છે, જેના કારણે જનજીવન પ્રભાવિત થયું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, અમદાવાદ 45 ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર નોંધાયું છે. રાજ્યના વિવિધ શહેરોમાં ગરમીની સ્થિતિ અત્યંત ગંભીર બની છે, જેમાં અમદાવાદ 45 ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું છે. આ ઉપરાંત ભુજ, રાજકોટ, સુરેન્દ્રનગર અને ગાંધીનગરમાં પણ પારો 44 ડિગ્રી સુધી પહોંચી ગયો છે, જ્યારે વડોદરા, ડીસા અને કેશોદમાં 43 ડિગ્રી તાપમાન નોંધાયું છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના અન્ય ભાગો જેવા કે સુરત, ભાવનગર અને વલ્લભ વિદ્યાનગરમાં 42 ડિગ્રી ગરમી નોંધાઈ છે. બીજી તરફ, કિનારાના વિસ્તારોમાં પ્રમાણમાં ઓછું તાપમાન જોવા મળ્યું છે, જેમાં પોરબંદર અને કંડલા એરપોર્ટ પર 39 ડિગ્રી તેમજ દમણ અને મહુવામાં 36 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું છે. સમગ્ર રાજ્યમાં આકરી લૂ અને કાળઝાળ ગરમીના કારણે જનજીવન પ્રભાવિત થયું છે.અમદાવાદમાં આજે તાપમાન 45 ડિગ્રીએ પહોંચતા લોકોએ કાળઝાળ ગરમીનો અનુભવ કર્યો હતો. આગામી 24 કલાકમાં પણ શહેરનું તાપમાન 44 ડિગ્રી આસપાસ રહેવાની શક્યતા છે. તંત્ર દ્વારા લોકોને બપોરના સમયે ઘરની બહાર નીકળવાનું ટાળવા અને પુષ્કળ પ્રમાણમાં પ્રવાહી લેવાની સલાહ આપવામાં આવી છે.

# ગુજરાત આપમાં મોટું ભંગાણ, મહામંત્રી સાગર રબારીએ પાર્ટી છોડી

**હું મારી** આમ આદમી પાર્ટી સાથેની યાત્રા આજે અહીં પૂરી કરું છું, સોશિયલ મીડિયા પર જાહેરાત કરી

ગાંધીનગરઃ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામો આવતીકાલે જાહેર થાય તે પહેલાં જ ગુજરાત આમ આદમી પાર્ટીમાં મોટાપાયે ભંગાણ સર્જાયું છે. પક્ષના પ્રદેશ મહામંત્રી અને જાણીતા ખેડૂત નેતા સાગર રબારીએ આજે આમ આદમી પાર્ટીના તમામ હોદ્દા અને સભ્યપદ પરથી રાજીનામું આપી દેતા રાજકીય આલમમાં ગરમાવો આવી ગયો છે. રાજુ કરપડા બાદ પક્ષના આ બીજા મોટા નેતા છે જેમણે ટૂંકા ગાળામાં પાર્ટી છોડી છે.

અગાઉ આપના ખેડૂત અગ્રણી રાજુ કરપડાએ આપને રામ રામ કહીને ભાજપનો કેસરિયો ખેસ ધારણ કરી લીધો હતો. ભાજપે તેમને સુરેન્દ્રનગર જિલ્લામાં ટિકીટ પણ આપી દીધી છે.

સાગર રબારીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોતાના રાજીનામાની જાહેરાત કરતા લખ્યું કે, હું મારી આમ આદમી પાર્ટી સાથેની યાત્રા આજે અહીં પૂરી કરું છું. પાર્ટીના સભ્યપદ, હોદ્દા અને જવાબદારીથી પોતાને મુક્ત કરું છું. સહયોગ બદલ સહુ સાથીઓનો હૃદયપૂર્વક આભાર. વ્યક્તિગત સંબંધો અને દોસ્તી ગૌરવપૂર્ણ રીતે અકબંધ રહેશે.

### ખેડૂત નેતા તરીકેની મજબૂત છબી

સાગર રબારી ગુજરાતમાં છેલ્લા ત્રણ દાયકાથી ખેડૂતોના પ્રશ્નો અને કૃષિ સમસ્યાઓ માટે લડત આપી રહ્યા છે. ૧૯૮૪માં તેઓ ગુજરાતના જાણીતા કર્મશીલ ચુનીભાઈ વૈદ્ય સાથે ગુજરાત લોકસમિતિમાં જોડાયા હતા. મહુવામાં નિરમા પ્લાન્ટ વિરુદ્ધના આંદોલન સહિત અનેક ખેડૂત લડતોમાં તેઓ ડો. કનુભાઈ કલસરિયાના સાથી રહ્યા છે. ખેડૂતોના હિત માટે તેમણે અનેક આંદોલનોનું નેતૃત્વ કર્યું છે, જેમાં ઘણી વખત તેમને સફળતા પણ મળી છે.

### પરિણામો પૂર્વે આપ માટે કપરા ચઢાણ

આવતીકાલે એટલે કે ૨૮ એપ્રિલે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામો આવવાના છે. એક્ઝિટ પોલ અને અનુમાનો વચ્ચે પક્ષના અગ્રણી ખેડૂત નેતાનું જવું તે આપ માટે મોટો આંચકો માનવામાં આવે છે. દિલ્હીમાં પક્ષમાં રાઘવ ચઢ્ઢા સહિતના સાતેક સાંસદો ભાજપમાં જોડાઈ ગયા છે. આ રીતે આપ પાર્ટીમાં ચાલી રહેલી ઉથલપાથલની અસર હવે ગુજરાતમાં પણ દેખાઈ રહી હોય તેમ જણાય છે. સાગર રબારી હવે આગામી સમયમાં ક્યા પક્ષમાં જોડાશે અથવા તો અપક્ષ રહીને ખેડૂતોની લડત ચાલુ રાખશે તે અંગે રાજકીય વર્તુળોમાં અટકળો તેજ થઈ છે.

# 1લી મેએ સુરતમાં 'વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ' (VGRC) યોજાશે

**ટેક્સટાઇલ્સ**, જેમ્સ એન્ડ જ્વેલરી, એગ્રો એન્ડ ફૂડ પ્રોસેસિંગ, કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ તથા ટુરિઝમ સેક્ટર પર ફોકસ

### MSME અને સ્ટાર્ટઅપ્સ માટે સુવર્ણ તક

VGRE 2026 માત્ર પ્રદર્શન પૂરતું સીમિત નથી, પરંતુ તેમાં રિવર્સ બાયર-સેલર મીટ, ઉદ્યમી મેળા અને વેન્ડર ડેવલપમેન્ટ પ્રોગ્રામ જેવા વિશેષ કાર્યક્રમો પણ યોજાશે. આ પ્લેટફોર્મ નાના ઉદ્યોગો (MSMEs), હસ્તકલા અને કુટિર ઉદ્યોગોને નવા વૈશ્વિક બજારો સાથે જોડવામાં સેતુરૂપ બનશે. અગાઉ મહેસાણા (ઉત્તર ગુજરાત)માં ૪૧૦ થી વધુ પ્રદર્શકો અને ૮૦,૦૦૦ થી વધુ મુલાકાતીઓ જ્યારે રાજકોટ (સૌરાષ્ટ્ર-કચ્છ)માં ૪૫૦ થી વધુ પ્રદર્શકો, જેમાં ૧૬૦ MSME અને ૬૦ સ્ટાર્ટઅપ્સ સામેલ હતા.

ગાંધીનગર : રાજ્ય સરકાર દ્વારા રાજ્યના સ્થાપના દિવસની ઉજવણીના ભાગરૂપે દક્ષિણ ગુજરાતના ઔદ્યોગિક વિકાસને વેગ આપવા માટે એક મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. સુરતમાં ઓરો યુનિ. ખાતે આગામી ૧ થી ૫ મે, ૨૦૨૬ દરમિયાન 'વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશન' (VGRE) અને 'વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ' (VGRC) ની ત્રીજી આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું છે.આ પ્રદર્શન આશરે 12,000 ચોરસ મીટર વિસ્તારમાં યોજાશે, જેમાં રોજ સવારે 10:00 વાગ્યાથી સાંજે 6:00 વાગ્યા સુધી વિવિધ ઉદ્યોગો, MSME, સ્ટાર્ટઅપ્સ અને ઉદ્યોગસાહસિકોને એક મંચ પર લાવવામાં આવશે. અગાઉ રાજકોટમાં યોજાયેલી VGREમાં 450થી વધુ પ્રદર્શકો, જેમાં 160થી વધુ MSME, 60 જેટલા સ્ટાર્ટઅપ્સ અને ઇનોવેટર્સ તેમજ 62 હસ્તકલા કારીગરો અને 70 સરકારી વિભાગોના સ્ટોલ્સ સામેલ થયા હતા. જ્યારે મહેસાણા ખાતે યોજાયેલી ઉત્તર ગુજરાતની એક્ઝિબિશનમાં 410થી વધુ પ્રદર્શકો અને 80,000થી વધુ મુલાકાતીઓએ હાજરી આપી હતી.VGRE 2026 દરમિયાન રિવર્સ બાયર-સેલર મીટ, ઉદ્યમી મેળા અને વેન્ડર ડેવલપમેન્ટ પ્રોગ્રામ જેવા કાર્યક્રમો યોજાશે, જે MSME, હસ્તકલા અને કુટિર ઉદ્યોગોને નવા બજારો સાથે જોડવામાં મદદરૂપ બનશે સુરતની ઓરો યુનિવર્સિટી ખાતે ૧૨,૦૦૦ ચોરસ મીટરના વિશાળ વિસ્તારમાં આ પ્રદર્શન યોજાશે.

એક્ઝિબિશનનો સમય ૧ થી ૫ મે, સવારે ૧૦:૦૦ થી સાંજે ૬:૦૦ વાગ્યા સુધીનો રહેશે. ગુજરાત સ્થાપના દિવસના અવસરે ૧ અને ૨ મેના રોજ કોન્ફોરન્સ યોજાશે. આ પરિષદમાં દક્ષિણ ગુજરાતના મુખ્ય ઉદ્યોગો જેવા કે ટેક્સટાઇલ્સ, જેમ્સ એન્ડ જ્વેલરી, એગ્રો એન્ડ ફૂડ પ્રોસેસિંગ, કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ તથા ટુરિઝમ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. અગ્રણી કંપનીઓ અને રોકાણકારોની ભાગીદારી દ્વારા આ પ્રદેશમાં સસ્ટેનેબલ ડેવલપમેન્ટ અને નવી રોજગારીની તકો ઊભી કરવાનો સરકારનો લક્ષ્યાંક છે.

# ધો.10 અને 12ની પરીક્ષાના પરિણામ મે મહિનામાં જાહેર થશે

ગાંધીનગરઃ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી ધોરણ 10 અને 12ની બોર્ડની પરીક્ષાના પરિણામો આગામી મે મહિનામાં તબક્કાવાર જાહેર કરવામાં આવે તેવી શક્યતા જણાય છે. રાજ્યના અંદાજે 15 લાખથી વધુ વિદ્યાર્થીઓ જે પરિણામની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે, હવે ટૂંક સમયમાંઆ વિદ્યાર્થીઓની આતુરતાનો અંત આવશે. જોકે બોર્ડ દ્વારા હજુ સત્તાવાર જાહેર કરવામાં આવી નથી.

આ અંગે ટોચના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ બોર્ડ દ્વારા લેવાયેલી ધોરણ 10 અને 12ની પરીક્ષાના પરિણામની લગભગ તમામ તૈયારી પૂર્ણતાના આરે છે. મૂલ્યાંકન પ્રક્રિયા પૂર્ણ થવાના થઈ છે. તેવા હવે ટૂંક સમયમાં એટલે કે મે માસના પ્રારંભથી બોર્ડની પરીક્ષાના પરિણામ જાહેર થશે. દર વર્ષની માફક આ વખતે પણ પરિણામ બોર્ડની વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે. આ ઉપરાંત SMS દ્વારા પણ પરિણામ જાણવાની વ્યવસ્થા બોર્ડ દ્વારા કરવામાં આવનાર છે. ધોરણ 10- 12ની પરીક્ષાના પરિણામ અંગે ચોક્કસ તારીખ બોર્ડ દ્વારા હજુ સુધી જાહેર કરવામાં આવી નથી.

# પત્નીનો હત્યારો અંત્રોલીના મામાદેવ મંદિરમાંથી ઝડપાયો

**પત્નીના** અનૈતિક સંબંધની શંકા હોવાથી હત્યા કરી લાશ પેક કરી દીધી હતી

સુરતઃ પત્નીના અનૈતિક સંબંધની શંકાએ એક પતિને એટલો અંધ બનાવ્યો કે તેણે પોતાની જ પત્નીની નિર્મમ હત્યા કરી લાશ છુપાવવાનો પ્રયાસ કર્યો. બાદમાં પત્ની ગુમ થયાની ખોટી વાત ઉપજાવી ફરાર થઈ ગયો હતો,પરંતુ સલાબતપુરા પોલીસે આરોપીને ગણતરીના કલાકોમાં જ અંત્રોલી ગામ ખાતે આવેલા મામા દેવના મંદિરે દર્શન કરવા આવી બહાર નિરાંતે બેઠેલો હતો ત્યારે ચોક્કસ બાતમીના આધારે રેડ કરી તેને ઝડપી પાડી લીધો હતો.

સેક્ટર-2ના એડિશનલ પોલીસ કમિશનર બલરામ મીણાએ માહિતી આપતા જણાવ્યું હતું કે ગત તા. 25 એપ્રિલ, 2026ના રોજ ફરીયાદી પ્રદિપભાઈ ફકીરાભાઈ કોસ્ટા (

ઉ.વ.62, દરજીકામ, રહે,વોર્ડ નં.૨૯ બલીરામ કસ્યપ વોર્ડ અયપ્પા મંદીર નયમુંડા જગદલપુર તા.જગદલપુર જી.બસ્તર (છતીસગઢ)) એ સલાબતપુરા પોલીસને જાણ કરી હતી કે તેમના જમાઈ વિશાલ સાલવીએ 20 એપ્રિલના રોજ તેમની દીકરી શિલ્પાની હત્યા કરી લાશને લાકડાની પેટીમાં મુકી તેમાં સિમેન્ટ ભરી દીધી હતી અને ત્યારબાદ શિલ્પા ગુમ થયાની ખોટી વાત ફેલાવી ઘરેથી ચિઠ્ઠી મુકી ફરાર થઈ ગયો હતો.

આ ગંભીર ગુનાને ધ્યાનમાં રાખીને સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં હત્યાનો ગુનો નોંધાયો હતો. પીઆઈ આર.એ. જાડેજાના માર્ગદર્શન હેઠળ ટીમોએ તાત્કાલિક તપાસ શરૂ કરી હતી. દરમિયાન ASI ભાવેશ મહેન્દ્રસિંહ, ASI દિનેશભાઈ ખીમજીભાઈ અને હેડ કોન્સ્ટેબલ શક્તિસિંહને બાતમી મળી કે આરોપી અંત્રોલી ગામ ખાતે મામા દેવના મંદિરે હાજર છે.પોલીસ ટીમે તાત્કાલિક રેડ કરીને આરોપી પતિ વિશાલ રણછોડભાઈ સાલવી ઉ.વ.૪૦ રહે,રાજ હેરીટેજ, આસપાસ દાદાના મંદીર પાસે, ગોડાદરા) ને ઝડપી પાડ્યો હતો પ્રાથમિક પૂછપરછમાં તેણે ગુનો કબૂલ કર્યો છે. હાલ પોલીસે આરોપીને કસ્ટડીમાં લઈ વધુ તપાસ શરૂ કરી છે.

### કેમેરાથી બચવા સાંકડી ગલીમાંથી પત્નીને લઇ ગયો હતો

ઝોન-2ના ડીસીપી ડો. કાનન દેસાઈએ માહિતી આપતા જણાવ્યું હતું કે ઘરેલું કલહે અંતે ભયાનક રૂપ ધારણ કર્યું હતું.તપાસમાં સામે આવ્યું કે વિશાલ સાલવી અને તેની પત્ની શિલ્પા વચ્ચે લાંબા સમયથી અણબનાવ ચાલતો હતો અને અવારનવાર ઝઘડા થતા હતા. આ પરિસ્થિતિથી કંટાળી આરોપીએ પત્નીને રસ્તામાં જ મોતને ઘાટ ઉતારવાની યોજના બનાવી. બનાવના દિવસે તેણે શિલ્પાને પોતાના જૂના ઘરે લઈ જવાનો નિર્ણય કર્યો, પરંતુ આસપાસ CCTV કેમેરા હોવાને કારણે સીધો પ્રવેશ ટાળ્યો. તે અન્ય સગાના મકાનની સાંકડી ગલીમાંથી પત્નીને અંદર લઈ ગયો હતો. ત્યાં પહોંચતા જ તેણે દુપટ્ટાથી ગળું ઘૂંટીને શિલ્પાની હત્યા કરી નાખી. ઘટના બાદ થોડો સમય તે સ્થળ પર જ રહ્યો અને આગળ શું કરવું તેની વિચારણા કરતો રહ્યો. આખી ઘટના જોતા હત્યા પૂર્વનિયોજિત હોવાનું સ્પષ્ટ થઈ રહ્યું છે.

### દુર્ગંધ નહીં ફેલાય એ માટે એરફ્રેશનરનો ઉપયોગ કર્યો હતો

હત્યાના બાદ આરોપી માટે સૌથી મોટો પડકાર લાશ છુપાવવાનો હતો. બહાર લઈ જતા કોઈ જોઈ ન જાય તે ભયથી તેણે લાશને પોતાના જૂના ઘરમાં જ છુપાવવાનું નક્કી કર્યું. તેણે શિલ્પાની લાશને લાકડાની પેટીમાં મૂકી તેમાં સિમેન્ટ અને માટી ભરી દીધી જેથી ઓળખાણ ન થાય અને દુર્ગંધ પણ ન ફેલાય. રૂમને તાળું મારી આરોપી ત્યાંથી નીકળી ગયો, પરંતુ બાદમાં બે-ત્રણ દિવસ સુધી અલગ અલગ સમયે સ્થળ પર જઈ તપાસ કરતો રહ્યો. દુર્ગંધ છુપાવવા માટે સફાઈ અને એરફ્રેશનરનો સહારો લીધો હતો. બીજી તરફ પરિવારને ખોટી માહિતી આપી ગોડાદરા પોલીસમાં ગુમ નોંધ કરાવી. અંતે શંકા વધતા તેણે ચિઠ્ઠી લખી ગુનાની કબૂલાત કરી દીકરાને આપી ફરાર થયો, જેના આધારે સમગ્ર મામલો ખુલ્યો.

## કરવડમાં પાર્કિંગ મુદ્દે પડોશીઓ વચ્ચે મારા મારી

વાપીઃ વાપી કરવડમાં પાર્કિંગ મુદ્દે પડોશી વચ્ચે મારામારી થઈ હતી. જેમાં પિતા અને પુત્ર તથા બનેવીએ મળી દંપતીને લાકડી તથા ઢીક્કામુક્કીનો માર માર્યો હતો.

યુપી અને હાલ વાપી નજીકના કરવડ, પાટીયામોરામાં સંતોષકુમાર પૃથ્વીપાલ યાદવ (ઉ.વ.41) રહે છે. તા.26-4-26 ના રોજ રાત્રિના નવેક વાગ્યાની આસપાસ ઘરની સામે રહેતા દુર્ગેશ ઉર્ફે દેવા અને તેના પિતા બ્રિજભાન પાર્કિંગ મુદ્દે પત્નીને ગાળો આપતો હતો, જેથી સંતોષે ગાળો આપવાની ના પાડતા બ્રિજભાન ઉશ્કેરાઈ ગયો હતો. પત્નીને ઢીક્કામુક્કીનો માર માર્યો હતો જ્યારે દુર્ગેશે લાકડીના સપાટા મારતા હાથમાં ઈજા પહોંચી હતી. પત્નીને છોડાવવા વચ્ચે પડતાં સંતોષને પણ ઢીક્કામુક્કી અને લાકડીથી માર માર્યો હતો. જ્યારે દુર્ગેશનો નાનો ભાઈ, બનેવી પણ આવી ગયા હતા અને ઝઘડો કર્યો હતો અને લાકડીથી માર માર્યો હતો. આ અગાઉ પણ પાર્કિંગ મુદ્દે ઝઘડો થયો હતો અને સમાધાન થયું હતું. ફરીથી પાર્કિંગ મુદ્દે ઝઘડો થયો હતો. મારામારી કરનારા બ્રિજભાન રામદુલાર યાદવ (પિતા), દુર્ગેશ ઉર્ફે દેવા, શીતલા પ્રસાદ (બંને પુત્ર) અને મુન્ના (બનેવી) (તમામ રહે., કરવડ, પાટીયામોરા) સામે ડુંગરા પોલીસ મથકમાં સંતોષ યાદવે ફરિયાદ નોંધાવી હતી.

## સુડોકુ ૭૦૮૬ - 'ક્લૂ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૫ | ૨ | | | ૯ | | | ૮ |
| ૩ | ૮ | ૧ | ૨ | ૬ | | ૫ | ૪ | |
| | ૯ | | ૩ | ૫ | ૮ | | ૨ | |
| | ૭ | ૯ | ૪ | ૧ | ૩ | ૮ | | ૫ |
| ૮ | | ૬ | ૭ | ૨ | | ૯ | | ૪ |
| ૫ | ૧ | | ૯ | ૮ | ૬ | | | |
| | | ૩ | | ૭ | ૪ | | ૮ | |
| | ૨ | ૮ | ૬ | | | | | ૩ |
| | ૪ | ૫ | | ૩ | ૨ | ૭ | ૯ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



## દાદીમાના નુસખા


મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### ખાટાં ઓડકાર

ઉનાળાની ગરમી સાથે પિત્ત અને અપચો આવે છે. આહારમા વિવેક અને મિતાહાર જાળવવો. અડધું લીંબુ લઈ તેમાં સંચળ, મરી અને જીરૂનુ મિશ્રણ ભરો. લીંબુ ચિપિયાથી પકડી ગરમ કરો. ખદખદે એટલે સહ્ય એટલું ગરમ ચૂસી જાવ.

## શબ્દગુંફન - ૭૨૦૬

અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**
૧. સહાયક (૫)
૪. એક વનસ્પતિ (૩)
૬. લોટો (૩)
૭. જીવ, પ્રાણ (૨)
૯. સરખી સપાટીનું (૪)
૧૧. રાહ, રસ્તો (૨)
૧૨. પાણી (૨)
૧૩. ફૂલ છોડ ઉછેરનાર (૨)
૧૪. અત્યારે, અવસ્થા (૨)
૧૫. એક શસ્ત્ર, ખડગ (૪)
૧૭. તીર, બાણ (૨)
૧૮. ભાર, દબાણ (૩)
૨૦. નુકસાન (૨)
૨૨. અધિકારવાળુ (૪)
૨૪. દરજ્જો, ઉપાધિ (૨)
૨૫. જીવ અને માલમત્તા (૪)
૨૭. વરદાન દેનાર (૩)
૨૮. જીંદગી, જન્મારો (૪)
૩૦. ઓછપ (૨)
૩૧. ઘોષ, અવાજ (૨)
૩૨. દુશ્મનાવટ (૨)

**ઊભી ચાવી**
૧. વિક્રમ સંવતનો એક મહિનો (૨)
૨. ભપકો, રોફ (૩)
૩. ભાગ, ખંડ(૩)
૪. સિંહ કે ઘોડાની ગરદન ઉપરના વાળ (૪)
૫. પરવાનગી (૨)
૮. નવાઈ ભર્યું (૩)
૯. તાબે, સરોવર (૨)
૧૦. અસ્થિર, ચંચળ (૩)
૧૨. અવાજ વગરનું શાંત (૩)
૧૩. મારવું તે (૨)
૧૪. ફૂલો વગેરેની માળા (૨)
૧૫. કાયા, શરીર (૨)
૧૬. વાક્ય, આદેશ (૩)
૧૭. એક ગ્રહ (૨)
૧૯. યુવાન (૩)
૨૦. પરાજય (૨)
૨૧. મદદનીશ(૫)
૨૨. નિર્ણય, ઉકેલ (૨)
૨૩. રાક્ષસ, અસુર (૩)
૨૪. અન્ય, પરાયું (૨)
૨૫. ખરચ, નિકાસ, જાવરો (૩)
૨૬. ડોસીમા (૨)
૨૭.ઉત્તમ (૨)
૨૮. હઠ, જિદ (૨)
૨૯. હોડી (૨)



## આજનું પંચાંગ

**તા. 28/04/2026, મંગળવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** વૈશાખ
**તિથિઃ** સુદ: બારસ: 18:53- ભોમપ્રદોષ
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** ગ્રિષ્મ
**રાષ્ટ્રિય દિનાંક :** વૈશાખ : 08
**યોગ :** વ્યાઘાત **કરણઃ** બવ
**નક્ષત્ર :** ઊ. ફા.: 22:37 **રાશિઃ** કન્યા (પ,ઠ,ણ)
**દિવસ :** સામાન્ય- પરશુરામદ્વાદશી, સુકમણી દ્વાદશી, મીનાક્ષી કલ્યાણકમ
**સુરતમાં સૂર્યોદય :** 06:12 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:01
**નવકારસી :** 07:00
**પારસી વર્ષ :** 1395 આદર માસનો 17મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447 જિલ્કાદ માસનો 10મો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ
**રાત્રિનાં ચોઘડિયાંઃ** કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
**રાહુ કાળ :** બપોરે 15:00 થી 16:30 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** સરકારી નોકરિયાતે ગફલત કરવી નહી. આરોગ્યના ખર્ચા વધશે. ઉધાર લેવાદેવાનું ટાળવું. મનશાંત રાખવું.

**વૃષભ (બ,વ,ઉ,):** નવા રોકાણ અને શેરબજારમાં ધીરજ રાખવી. સંતાનોના અભ્યાસની ચિંતા સતાવે. પ્રેમમાં ગેરસમજ થાય.

**મિથુન (ક,છ,ઘ,):** ઘરના કામમાં બોજ વધે. સ્ત્રી વર્ગે સાવધાની રાખવી. નવા ફેરફારથી દોડધામ વધશે.

**કર્ક (ડ,હ,):** વાદ-વિવાદ ટાળવો. નોકરીમાં જવાબદારી વધશે. શિક્ષણ, ટ્યુશન, ટેકનોલોજી, દલાલી જેવા કામમાં પ્રગતિ.

**સિંહ (મ,ટ,):** આર્થિક બાબતે ચોક્કસ બનશો. વડીલોની મદદથી વારસાની સમસ્યાનું સમાધાન થઈ શકે છે.

**કન્યા (પ,ઠ,ણ,):** ઉત્સાહજનક સમાચાર મળે. પડવા-વાગવાથી સાવધાન રહેવું. ઘરમાં અશાંતિ રહે.

**તુલા (ર,ત,):** ધાર્મિક પ્રવાસમાં છેતરાઈ જવાનું બને. સંતાનોની ચિંતા સતાવે. વિદેશના કામમાં પ્રગતિ.

**વૃશ્ચિક (ન,ય,):** સંતાન, જીવનસાથીના પ્રશ્નો સતાવે. મિત્રો સાથે મનોરંજન થાય. માનસિક અશાંતિ વધશે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** ધંધા-વેપાર-વ્યવસાયમાં નવા ફેરફાર થાય. મિલકત બાબતે પ્રગતિ થાય. જાહેર જીવનમાં અશાંતિ વધે.

**મકર (ખ,જ,):** અચાનક પ્રયાસથી દોડધામ વધશે. ધાર્મિક યાત્રામાં સાવધાન રહેવું. વિદેશના કામમાં પ્રગતિ થાય.

**કુંભ (ગ,સ,શ,ષ,):** આરોગ્ય પરેશાન કરે. સરકારી કામમાં વિઘ્નો આવે. વડીલોના ખર્ચા અને પ્રશ્નો સતાવે.

**મીન (દ,ચ,ઝ,થ,):** રોજની આવક વધે. ધંધામાં નવી યોજના પાર પડે. કોર્ટ-કચેરીમાં વિલંબ થાય.

### કોઈ પણ સાલમાં 28 એપ્રિલે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહે. નવા ફેરફાર, દોડધામ- કાર્યબોજ નવી જવાબદારી અને સ્થાનફેરથી અશાંતિ વધશે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. નોકરી-ધંધા-વ્યવસાય-સમાજ વગેરેમાં હરીફોની હેરાનગતિ વધશે. સમાજમાં સમાન્ય રહે. ઘર-પરિવારની અપેક્ષાઓ દોડધામ વધારે. સંતાનોના અભ્યાસ-કેરીયરમાં ચડતી-પડતી રહે. ટેકનોલોજીનો લાભ મળે. ઉંમરલાયકના વિવાહ થાય. વિદ્યાર્થીઓની મહેનત વધે. વિદેશનાં કામ ધીમાં પડે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિઘ્નો આવે. નવા ઘર, વાહન, મકાન બાબતે શરૂઆતમાં પ્રગતિ થાય. નવી નોકરીની દોડધામ વધશે. વધારાની આવકની યોજનામાં ચડતી-પડતી રહે. વારસા, જાયદાદ, જમીન જેવા કામમાં વિલંબ થાય. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. જુલાઈ-ઓગસ્ટ, રવિ-સોમવાર, 1,10,20 તારીખે નવો કામ કરવાં. સોનેરી, તાંબ્રવર્ણ રંગનો ઉપયોગ કરતા રહેવું. નવેમ્બર-ડિસેમ્બર, શનિ-શુક્રવાર 9,16,25 તારીખે નવાં કામ ટાળવા, શ્યામ રંગનો ઓછો ઉપયોગ કરવો.

# જાપાનથી આવેલા IIT ગ્રેજ્યુએટ પાસેથી 61 લક્ઝરી પેન જપ્ત

**અમદાવાદ** એરપોર્ટ પર કસ્ટમ્સની મોટી કાર્યવાહી

**કિંમત** લાખોમાં હોવાનો અંદાજ

અમદાવાદ : સરદાર વલ્લભભાઈ પટેલ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગના અધિકારીઓએ એક ભારતીય મુસાફર પાસેથી 61 જેટલી કિંમતી અને લક્ઝરી કલેક્ટર-એડિશન પેનનો જથ્થો જપ્ત કર્યો છે. આ મુસાફર આઈઆઈટી (IIT) ગ્રેજ્યુએટ છે અને જાપાનમાં ટેક પ્રોફેશનલ તરીકે કાર્યરત છે.આ પેનની કિંમત અંદાજિત 30 લાખ કરતાં વધુ હોવાનું મનાય છે.

**કઈ રીતે ઝડપાયો મામલો?**

જાપાનથી હો ચી મિન્હ સિટી થઈને અમદાવાદ પહોંચેલા આ પ્રવાસીના સામાનનું જ્યારે સ્કેનિંગ કરવામાં આવ્યું, ત્યારે બેગેજ સ્કેનરમાં શંકાસ્પદ ઈમેજ જોવા મળી હતી. કસ્ટમ્સ અધિકારીઓએ જ્યારે તેના હેન્ડ લગેજની ઝીણવટભરી તપાસ કરી, ત્યારે તેમાંથી ડિક્લેરેશન વગર છુપાવેલી ઉચ્ચ મૂલ્યની કિંમતી પેન મળી આવી હતી.

**જપ્ત કરાયેલી પેનની વિશેષતા**

કસ્ટમ્સ વિભાગ દ્વારા જપ્ત કરવામાં આવેલી આ પેન કોઈ સામાન્ય લેખન સામગ્રી નથી, પરંતુ વિશ્વભરના સંગ્રાહકો (Collectors) માં અત્યંત લોકપ્રિય અને દુર્લભ ગણાતા મોડલ્સ છે. આ સંગ્રહમાં જપ્ત કરવામાં આવેલી પેન કોઈ સામાન્ય લેખન સામગ્રી નથી, પરંતુ તે દુનિયાભરના કલેક્ટર્સમાં મોન્ટબ્લેન્ક માઈસ્ટરસ્ટુક સોલિટેર પિનસ્ટ્રાઈપ વર્મેઈલ, વિસ્કોન્ટી મિલેનિયમ આર્ક ડેમોન્સ્ટ્રેટર લિમિટેડ એડિશન, પાર્કર ડ્યુઓફોલ્ડ મેન્ડરિન યલો અને સાકુરા નાકાયા જેવા પ્રતિષ્ઠિત મોડલ્સનો સમાવેશ થાય છે. કસ્ટમ્સ અધિકારીઓના જણાવ્યા મુજબ, આમાંની ઘણી પેન ભારતમાં 40,000 થી વધુ કિંમતે વેચાય છે, જ્યારે કેટલીક દુર્લભ પેનની કિંમત નીશ માર્કેટમાં તેનાથી પણ ઘણી વધારે હોઈ શકે છે. બનાવટ અને કલેક્ટર એડિશન હોવાને કારણે આ પેન વિશ્વભરમાં ખૂબ જ મૂલ્યવાન માનવામાં આવે છે.

**મિત્રએ ભારતમાં ડિલિવરી કરવા પેકેટ આપ્યું હતું**

માસિક 4 લાખથી વધુ કમાણી કરતા આ ટેક પ્રોફેશનલે કસ્ટમ્સ સમક્ષ દાવો કર્યો હતો કે, જાપાનમાં તેના એક મિત્રએ આ પેકેટ તેને ભારતમાં ડિલિવરી કરવા માટે આપ્યું હતું. હાલમાં અધિકારીઓ તેને કોઈ સ્મગલિંગ ગેંગનો ભાગ ગણવાને બદલે 'અનસપેક્ટિંગ કેરિયર' (જાણબહાર સામાન લાવનાર) તરીકે જોઈ રહ્યા છે.કસ્ટમ્સ એક્ટ, 1962 હેઠળ આ તમામ માલ જપ્ત કરવામાં આવ્યો છે. આ પેનની ચોક્કસ કિંમત નક્કી કરવા માટે ચાર્ટર્ડ એન્જિનિયર દ્વારા આખરી વેલ્યુએશન કરવામાં આવશે, જોકે બજારના અંદાજ મુજબ આ પેનની કિંમત લાખો રૂપિયામાં હોવાનું મનાય છે.

# રાજ્યની 15 મનપામાં સરેરાશ 49.02 ટકા મતદાન

**વાપી** મહાનગર પાલિકામાં સૌથી વધુ 72.29 ટકા મત પડ્યા

**આજે** ઉમેદવારોનાં ભાવિનો ફેંસલો થશે

ગાંધીનગર : ગુજરાતમાં આજે ૧૫ મહાનગરપાલિકા, ૮૪ નગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત અને ૨૬૦ તાલુકા પંચાયતો માટે મતદાન પ્રક્રિયા સંપન્ન થઈ છે. ૪૪ ડિગ્રી સુધી પહોંચેલા આકરા તાપમાન અને કેટલીક હિંસક ઘટનાઓ વચ્ચે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી-૨૦૨૬ના રવિવારે યોજાયેલા મતદાનમાં રાજ્યભરમાં મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યો છે, જેમાં શહેરી વિસ્તારોની સરખામણીએ ગ્રામીણ મતદારોમાં વધુ ઉત્સાહ દેખાયો છે.

સાંજે ૬ વાગ્યા સુધીના સત્તાવાર આંકડા મુજબ, રાજ્યની ૧૫ મહાનગરપાલિકાઓમાં સરેરાશ 49.02 ટકા જેટલું મધ્યમ મતદાન નોંધાયું છે. આ મનપાઓમાં વાપી 72.29 ટકા સાથે મોખરે રહ્યું છે, જ્યારે ગાંધીધામમાં સૌથી ઓછું 46.03 ટકા મતદાન થયું છે. હવે આ તમામ બેઠકો પરના 25,532 ઉમેદવારોનું રાજકીય ભાવિ ઈવીએમમાં સીલ થયું છે, જેની મતગણતરી આવતીકાલે ૨૮ એપ્રિલના રોજ હાથ ધરવામાં આવશે.

મતદાનના આંકડા

જેમાં વાપી મનપામાં 72.29 ટકા , મોરબીમાં 65.65 ટકા , નવસારી મનપામાં 65.28 ટકા , મહેસાણા મનપામાં 56.5 ટકા , કરમસદ - આણંદ મનપામાં 58.23 ટકા મહેસાણા મનપામાં 64.17 ટકા , નડિયાદ મનપામાં 63.66 ટકા , કરમસદ - આણંદમાં મનપામાં 61.56 ટકા , સુરત મનપામાં 59.21 ટકા , જામનગર મનપામાં 58.14 ટકા , ભાવનગર મનપામાં 54.84 ટકા , સુરેન્દ્રનગર મનપામાં 54.67 ટકા , વડોદરા મનપામાં 53.34 ટકા , અમદાવાદ મનપામાં 51.81 ટકા અને રાજકોટ મનપામાં 51.59 ટકા, પોરબંદર મનપામાં 48.84 અને ગાંધીધામ મનપામાં 46.03 ટકા મતદાન થયું છે.

બીજી તરફ, લોકશાહીના આ પર્વમાં ગ્રામીણ પ્રદેશમાં મતદાનમાં ભારે જોશ જોવા મળ્યો છે; રાજ્યની ૨૬૦ તાલુકા પંચાયતોમાં સરેરાશ 62.38 ટકા, ૩૪ જિલ્લા પંચાયતોમાં 61.69 ટકા અને ૮૪ નગરપાલિકાઓમાં 59.05 ટકા મતદાન થયું છે. 11 નગરપાલીકાઓની 13 બેઠકોની પેટા ચૂંટણીમાં 55.38 ટકા અને 15 મનપામાં સરેરાશ 49.02 ટકા જેટલુ મતદાન થયુ છે. પંચાયતોના જંગમાં જનતાએ વધુ સક્રિયતા દાખવી હોવાનું સ્પષ્ટપણે આ આંકડાઓ પરથી દેખાઈ આવે છે.